Date of Institution : 24.03.2025.
Date of Registration : 24.03.2025.
Date of Judgment : 20.06.2026.
Duration : **Year-01, Month-02, Days-27.**
Offence/Charges : U/s. 138 of negotiable Instrument Act,1881.
Plea of accused : Pleaded not guilty and claim trial.
Decision : Acquittal.
Jurisdiction : ------

सत्यमेव जयते

<u>FORM –A</u>

IN THE COURT
Mr. H.R. Thakor
Judge Code: GJ01205.
THE XXV ADDL. CHIEF JUDICIAL MAGISTRATE, AHMEDABAD CITY
CC/58301/2025.
Exhibit-20.

ફરીયાદીઃ	**ટૉરેન્ટ પાવર લીમીટેડ,** ઓથોરાઈઝ પર્સન–પ્રીતિ સુધીર કાકડે **઼ઠે.** ‘સમન્વય’, ૬૦૦, તપોવન, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૧૫.
ફરીયાદી તરફે વિ.વ.	શ્રી કૌશિક એસ.આચાર્ય.
આરોપીઃ	**મરીયમ મો. ઝુબેર,** ઠે. સી/ઓ. મહમદ હનીફ રમજાની, ૧૨૫૭૧/એ, જાન સાહેબની ગલી, સામે બાટા શો રૂમ, ઈલેક્ટ્રીસીટી હાઉસ પાસે, બીબી મસ્જીદ પાસે, લાલ દરવાજા, અમદાવાદ–૩૮૦૦૦૧.
આરોપી તરફે વિ.વ.	શ્રી ઈમરાન આઈ. શૈખ.

<u>FORM –B</u>	
બનાવની તારીખ	–
એફ.આઈ.આર./ફરીયાદની તારીખ	૨૪/૦૩/૨૦૨૫
ચાર્જશીટ દાખલ તારીખ	–

ચાર્જફ્રેમ (પ્લી) કર્યા તારીખ	૨૯/૦૫/૨૦૨૫
પુરાવા શરૂ થયાની તારીખ	૨૯/૧૦/૨૦૨૫
ચુકાદો અનામત રાખવાની તારીખ	૦૨/૦૫/૨૦૨૬
ચુકાદાની તારીખ	૨૦/૦૬/૨૦૨૬
સજા હુકમની તારીખ, જો હોય તો	

આરોપી નંબર	**આરોપીની વિગતોઃ આરોપીનું નામ**	**અટક કર્યા તારીખ**	**જામીન પર છોડ્યા તારીખ**	**ગુનો**	**તક્સીરવાન /નિર્દોષ**	**સજા**	**બી.એન.એસ. એસ ની કલમ-૪૭૮ હેઠળ કસ્ટડીમાં રહેલ સમય**
૧.	મરીયમ મો. ઝુબેર,	–	–	વટાઉખત અધિનિયમ ની કલમ-૧૩૮	નિર્દોષ	–	–

FORM –C			
ફરિયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તરફે લીસ્ટ			
એ./ફરિયાદપક્ષે સાહેદ લીસ્ટ : –			
ફરીયાદી સાહેદ ન.	**સાહેદનું નામ**	**સાહેદનો પ્રકાર**	**આંક**
CW/1.	ટૉરેન્ટ પાવર લીમીટેડ, ઓથોરાઈઝ પર્સન-પ્રીતિ સુધીર કાકડે	ફરિયાદી	**૦૪**
બી./બચાવપક્ષે સાહેદ લીસ્ટ			
સાહેદ નં./આંક	**સાહેદનું નામ**	**સાહેદનો પ્રકાર**	**આંક**
DW/1.	–	–	**–**
સી./કોર્ટપક્ષે સાહેદ લીસ્ટ			
સાહેદ	**સાહેદનું નામ**	**સાહેદનો**	

નં./આંક		પ્રકાર
–	–	–
ફરિયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તરફે આંક		
એ./ફરિયાદપક્ષે આંક		
અનુક્રમ નં.	**વિગત**	**આંક**
૧.	ફરિયાદ	૦૧
૨.	રજીસ્ટાર ઓફ કંપનીના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણિત નકલ	૦૮
૩.	ઓથોરીટી લેટરની પ્રમાણિત નકલ	૦૯
૪.	અસલ ચેક	૧૦
૫.	રિટર્ન મેમો અસલ	૧૧
૬.	લીગલ નોટીસની ઓફીસ કોપી	૧૨
૭.	નોટીસ મોકલ્યાની આર.પી.એડી. સ્લીપની પહોંચ	૧૩
૮.	ટ્રેક રિપોર્ટ	૧૪
૯.	ફરિયાદીના આઈકાર્ડની પ્રમાણિત નકલ	૧૫
૧૦.	ફરિયાદીની બેંકની વિગતો માટે કેન્સલ કરેલ ચેકની પ્રમાણિત નકલ	૧૬
૧૧.	ફરિયાદીનો પુરાવો પૂર્ણ થયાની પુરસીસ	૧૭
૧૨	ફરિયાદી તરફે લેખિત દલીલ રજુ	૧૮
બી./બચાવપક્ષે આંક		
અનુક્રમ નં.	**વિગત**	**આંક**
૧.	આરોપી તરફે લેખિત દલીલ રજુ	૧૯
સી./કોર્ટ તરફે આંક		
અનુક્રમ નં.	**વિગત**	**આંક**
૧.	આરોપીની પ્લી	૦૭
કબજે કરેલ મુદ્દામાલ		
અનુક્રમ નં.	**વિગત**	**આર્ટિકલ નં.**

–	–	–

::ચૂકાદો::

૧. <u>**ફરિયાદની હકીકત ટૂંકમાં નીચે મુજબ છે :: (આંક–૦૧)**</u>

ફરિયાદી કંપની, કંપની એક્ટ ૧૯૫૬ હેઠળ નોંધાયેલ છે. ફરિયાદી કંપની વીજળી, કેબલ્સ, વાયર, લાઈનસ લંચયકર્તા લેમ્પ અને કામકાજ પુરા પાડવા અને પ્રકાશ શહેરો, શેરીઓ, બજારો, ઈમારતો અને જાહેર અને ખાનગી ગ્રાહકો વગેરે સ્થળોએ વીજળી ઉત્પન્ન કરવા, વિતરણ કરવા અને સપ્લાય કરવાનો વ્યવસાય કરે છે. આરોપી ફરિયાદી કંપનીનો વીજળી સપ્લાયનો ઉપયોગ તેની મિલકતના પરિસરમાં **સેવા નંબર ૨૧૨૦૧૨૫** દ્વારા કરી રહ્યા છે જેથી ફરિયાદીએ આરોપીના નામનું વીજ બીલ જારી કરેલ છે અને આરોપીએ તે બીલની ચુકવણી/જવાબદારી નિભાવવા માટે તેમની બેંક, એક્સીસ બેંકનો **ચેક નં. ૪૮૮૨૬૩, તા. ૧૦/૦૧/૨૦૨૫ રૂા. ૨,૮૩,૦૫૮/–** નો ચેક આપેલો જે ફરિયાદી સંસ્થાએ તેમની બેંક એચ.ડી.એફ.સી. બેંક, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદમાં રજુ કરતાં **"ફંડ્સ ઈનસફીસીયન્ટ"**ના શેરા સાથે સ્વીકારાયા વગર પરત ફરેલ છે જેની જાણ ફરિયાદીને **તા.૦૩/૦૨/૨૦૨૫** ના રોજ ચેક રિટર્ન મેમોથી થયેલ છે.

૧.૨ સદર ચેક પરત ફરતા ફરીયાદીએ તેમના વિ.વકીલશ્રી મારફતે આરોપીને પોસ્ટ મારફતે **તા. ૨૬/૦૨/૨૦૨૫** ના રોજ નોટીસ મોકલવામાં આવેલી, જે નોટીસ આરોપીને **તા. ૨૭/૦૨/૨૦૨૫** ના રોજ બજી ગયેલ છે, પરંતુ આરોપી નોટીસની સમયમર્યાદામાં કાયદેસરની લેણી રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ ફરિયાદીએ હાલની ફરીયાદ આરોપી વિરૂદ્ધ ધી નેગો.ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ ૧૩૮ અન્વયે દાખલ કરેલ છે.

૨. આરોપીને સમન્સ બજી જતાં, હાજર થતાં તેમને કેસ પેપર્સની નકલ આપ્યા બાદ **આંક ૦૭ થી** પ્લી નોંધવામાં આવી છે જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો

ઈન્કાર કરેલો છે.

૩. <u>**ફરિયાદપક્ષનો પુરાવો ::**</u>

અગાઉ **ફોર્મ – સી(એ)** માં ફરિયાદપક્ષે **આંક ૦૪** થી રજુ થયેલ સરતપાસનો સોગંદ પરનો મૌખિક પુરાવો તથા **આંક ૦૮ થી ૧૬** સુધી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાનો ઉલ્લેખ કરેલ હોય તે જ પુરાવા ફરિયાદપક્ષે રજુ કરેલા હોય. આમ, તે પુરાવાનુ પુનરાવર્તન થાય નહિ તેથી અત્રે ઉલ્લેખ કરવામાં આવેલ નથી. ફરિયાદપક્ષે ઉપરોક્ત પુરાવા રજુ થયા બાદ વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી તે મતલબની **આંક–૧૭ થી પુરાવા બંધની કલોઝિંગ પુરસીસ** રજુ કરેલ છે.

૪. ત્યારબાદ આરોપીનુ **ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૧૩ અન્વયે વિશેષ** નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરિયાદપક્ષના કેસની મોટા ભાગની હકીકતો નકારેલ છે અને વધારાના નિવેદનમાં એવુ જણાવેલ છે કે, આરોપીના નામનું કોઈ વીજ જોડાણ ના હોય અમોને કોઈ ચેક આપેલ નથી જેથી અમારી કાયદેસરની કોઈ લેણી રકમ થતી નથી ખોટી રીતે અમારો ચેક ભરેલ છે અને તેના આધારે ખોટી નોટીસ આપેલી છે. **તેમજ આરોપી તેઓના વિશેષ નિવેદનમાં એવુ જણાવે છે કે,** આરોપીએ ફરિયાદીને કોઈ ચેક આપેલ નથી, પરંતુ હનીફભાઈ રમઝાનીભાઈ પાસેથી ખોટી રીતે ચેક લઈ જઈ તેનો દુરુપયોગ કરીને ખોટી ફરિયાદ કરેલ છે અને હનીફભાઈ રમઝાનીના મીટરના બીલની તેઓએ કોઈ જવાબદારી સ્વીકારેલ નથી.

૫. <u>**બચાવપક્ષ તરફેના પુરાવા ::**</u>

આરોપી તરફે તેના બચાવમાં કોઈ પણ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

૬. <u>**કેસની કાર્યવાહીનો સ્વરૂપ ::**</u>

અધિનિયમની કલમ ૧૪૩ મુજબ આ કેસ અન્વયેની કાર્યવાહી સમરી સ્વરૂપમાં ચલાવવાની રહે છે. એટલે કે આ કેસની કાર્યવાહી ફોજદારી કાર્યરિતી સંહિતા ના

પ્રકરણ–૨૧, કલમ–૨૬૦ થી ૨૬૫ મુજબ ચલાવી શકાય છે અને કેસની કાર્યવાહી યોગ્ય પધ્ધતિ અને લંબાણપુર્વક લેવા આરોપીની પ્લી લેવામાં આવી અને આ કામે જે પુરાવો નોંધવામાં આવેલ છે તેને ધ્યાને લેતાં તે લંબાણપુર્વક નોંધવામાં આવેલો છે. આમ, અધિનીયમની કલમ ૧૪૩ મુજબ આ કેસની કાર્યવાહી સમરી સ્વરૂપે ચલાવવાની રહે છે પરંતુ આ કેસમાં લંબાણપુર્વક પુરાવો નોંધવામાં આવેલ છે. આમ, હાલના કેસની કાર્યવાહી સમન્સ કેસ પધ્ધતિથી ચલાવવામાં આવેલ છે અને તે બાબતનો હુકમ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ તે સમય કરવામાં આવેલ છે. અને તે હુકમ મુજબ હાલના કેસની ઈન્સાફી સમન્સ ટ્રાયેબલ પધ્ધતી મુજબ ચલાવવામા આવેલ છે.

૭. <u>દલીલો ::</u>

હાલના કેસમાં ફરીયાદીના વિ.વ.શ્રીએ લેખિત દલીલો **આંક ૧૮** થી આપેલ છે અને દલીલની અંદર જ નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરેલ છે.

આરોપીના વિ.વકીલશ્રીએ મૌખિક દલીલ કર્યા બાદ **આંક ૧૯** થી લેખિત દલીલ રજુ કરેલી છે અને લેખિત દલીલના સમર્થનમાં નામદાર સુપ્રીમ કોર્ટનો નીચે મુજબનો ચુકાદો રજુ કરેલ છે.

1. **P. J. Agro Teach Ltd. & Anr. V/S. Water Base Ltd. AIR (SCW) 4616.**
2. **Indus Airways Pvt. Ltd. & Anr. V/S. Magnum Aviation Pvt. Ltd. & Anr. Date 07 April, 2014 Lawsuit(SC) 252.**
3. **Basalingappa V/S. Mudibasappa (2019) AIR(SCW) 1983.**

ફરિયાદી તથા આરોપી પક્ષના વિ. વકીલશ્રીએ કરેલી દલીલો તથા દલીલના સમર્થનમાં રજુ કરેલા ચૂકાદાઓ હવે પછી ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવાનું મૂલ્યાંકન કરવાના તબક્કે સદર દલીલો તથા ચૂકાદા તેઓને મદદરૂપ

થયેલ છે કે કેમ? તે અંગે જ્યાં જરૂર જણાશે ત્યાં તેનો ઉલ્લેખ કરવામાં આવેલ હોય જેથી તેનું પુનરાવર્તન ન થાય તેથી અત્રે કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

૮. હાલની ફરિયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એવુ પુરવાર કરે છે કે, ચેકના ધારકે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮(એ) મુજબ ચેક લખ્યા તારીખથી નિયત સમયમાં ચેક બેંકમાં રજુ કરેલ છે તથા કલમ–૧૩૮ (બી) મુજબ ચેક રીટર્ન થયાના ત્રીસ દિવસમાં ચેકના ધારકે લેખિત નોટીસ ચેક લખનારને આપી રકમની માંગણી કરેલ છે તથા કલમ–૧૩૮(સી) મુજબ ચેક લખનારને નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં નોટિસમાં માંગ્યા મુજબની રકમ ચેકના ધારકને ચૂકવવામાં નિષ્ફળ ગયાની જોગવાઈઓનું પાલન થયેલ છે?

(૨) શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીએ નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ?

૯. ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે –

(૧) હકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

:: કારણો ::

૧૦. <u>ફરીયાદપક્ષ તથા આરોપી પક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન :–</u>

<u>મુદ્દા નંબર –૦૧ ::</u>

હવે કલમ–૧૩૮(એ) મુજબ ચેક લખ્યા તારીખથી નિયત સમયમાં ચેક બેન્કમાં રજુ કરવો જોઈએ તે અંગે વિચાર કરવામાં આવે તો, આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલ **આંક–૧૦** વાળા ચેકની તારીખ તથા તે ચેક બેંકમાં રજુ કરાયાની તારીખ ધ્યાને લેતાં **આંક ૧૦** વાળો ચેક નિયત સમયમાં બેંકમાં રજુ થયેલ છે. **આમ, ફરીયાદપક્ષે**

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮(એ)ની જરૂરીયાતોનું પાલન થયેલ હોવાનું માનવામાં આવે છે.

(૧૦.૧) સદર **આંક ૧૦** વાળો ચેક **આંક ૧૧** ના રિટર્ન મેમા સાથે તા. **૦૩.૦૨.૨૦૨૫** ના રોજ નકારાયા બાદ ફરિયાદી તરફે આરોપીને **આંક ૧૨** વાળી નોટીસ રજી.પોસ્ટ એ.ડી.થી **તા. ૨૬.૦૨.૨૦૨૫** ના રોજ મોકલી આપેલ હોય તેવું **આંક ૧૩** ની રજી. પો.એ.ડી.ની સ્લીપનો રેકોર્ડ તથા **આંક ૧૪** થી આર.પી.એ.ડી.ના ટ્રેક કન્સાઈનમેન્ટનો રિપોર્ટ જોતાં જણાય છે આમ, આરોપીને ચેક નકારાયા બાદ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮(બી) **મુજબ ચેક રીટર્ન થયાના ત્રીસ દિવસમાં ચેકના ધારણ કરનારે લેખીત નોટિસ આપી રકમની માંગણી કર્યાનુ પુરવાર થયેલ છે.** અને તે નોટીસ આરોપીને મળી ગયેલ હોવાનું આર.પી.એ.ડી.ની ટ્રેક કન્સાઈનમેન્ટનો રિપોર્ટ જે **આંક ૧૪** થી રજુ છે તે વંચાણે લેતાં જણાય છે. **આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ (સી) મુજબ ચેક લખનાર નોટીસ બજી ગયા બાદ પંદર દિવસમાં નોટીસમાં માંગ્યા મુજબની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયાની જરૂરીયાતોનું પાલન થયેલાનું માનવામાં આવે છે. આમ, ઉપરોક્ત કરેલ તમામ ચર્ચા ધ્યાને લેતાં મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

૧૧. <u>મુદ્દા નંબર ૦૨</u> ::

નામદાર વડી અદાલતના વિવિધ ચુકાદાઓથી એવો સિંધ્ધાત પ્રતિપાદીત થયેલ છે કે,જયારે ચેકમાં આરોપીની સહી છે તેવુ ફાઉન્ડેશન ફેકટ પુરવાર થાય ત્યારે તે ચેક બાકી લેણાની ચુકવણી માટે આરોપીએ આપેલ હોય તેવુ કોર્ટએ **નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮, ૧૩૯ ધ્યાને લેતા અનુમાન કરવાનુ હોય છે.** હાલના કેસમાં **આંક ૧૦** થી રજુ થયેલ તકરારી ચેકમાં આરોપીની સહી નથી તેવી કોઈ તકરાર આરોપી તરફે ફરિયાદીની ઉલટતપાસમાં લીધી નથી કે આરોપીએ

તેઓના વધારાના નિવેદનમાં પણ ચેકમાં કોઈ સહી નથી તેવો ખુલાસો કરેલ નથી. આમ, **આંક–૧૦** વાળા ચેકમાં આરોપીની સહી છે તે હકીકત નિર્વિવાદિત છે. જો કે, આરોપી તરફે **આંક–૧૦** વાળો ચેક આરોપીએ ફરિયાદીને આપેલ નથી, પરંતુ સદર ચેક આરોપીના સસરા મહમદ હનીફ રમઝાનીભાઈ પાસેથી ફરિયાદી લઈ જઈને તેનો ફરિયાદીએ દુરુપયોગ કરેલ છે તેવો બચાવ મુકેલ છે, પરંતુ તે બચાવથી **આંક–૧૦** વાળા ચેકમાં આરોપીની સહી નથી તેવુ વિરૂદ્ધનું પુરવાર થતુ નથી. ફરિયાદ પક્ષના વિ.વકીલશ્રીએ આરોપીએ સદર ચેકમાં તેમની સહી એડમીટ કરેલી હોય અને આરોપીએ ચેકમા પોતાની સહી નથી તેવું કોઈ ડિનાઈલ લીધેલ ના હોય તે જોતાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮, ૧૩૯ મુજબનું અનુમાન ફરિયાદીની તરફેણમાં ઉપસ્થિત થાય છે તેવી ફરિયાદી તરફે કરેલી દલીલ તેઓને મદદરૂપ થાય છે. જો કે, સદર કલમ અંગેનું અનુમાન આરોપી તરફે વિરૂદ્ધની કોઈ હકીકત સાબિત કરીને તે અનુમાનનું ખંડન કરી શકે છે. તેમજ નામદાર સુપ્રીમ કોર્ટે " **રંગપ્પા વિ. શ્રી મોહન** નો "2010 (1) DcR 706 (SC)" ના ચુકાદાથી તેમજ નામદાર સપ્રીમ કોર્ટના અન્ય વિવિધ ચુકાદાઓથી એવો સિંધ્ધાત પ્રતિપાદીત કરેલ છે કે, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબનુ પ્રાથમિક અનુમાન ફરીયાદની તરફેણમાં કરવાનુ હોય છે, પરંતુ તે અનુમાનનુ ખંડન આરોપી કરી શકેલ છે કે કેમ ? તે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાથી અને દરેક કેસની હકીકતના આધારે નકકી થઈ શકે અને રજુ થયેલ પુરાવાથી કે આરોપી તરફે માનવાલાયક મુકેલા બચાવથી જયારે કાયદેસરના બાકી લેણા કે જવાબદારીના અસ્તીત્વ અંગે શંકા ઉપસ્થિત થતુ હોય ત્યારે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ નુ અનુમાનનુ ખંડન થયુ ગણાય અને ત્યારે ફરીયાદપક્ષ તેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ ગણાય અને વધુમાં આરોપીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબનુ અનુમાનનુ ખંડન કરવા માટે પોતે વીટનેશ બોક્ષમાં હાજર

થઈને પુરાવો આપવાની જરુરિયાત રહેતી નથી, પરંતુ તે ફરીયાદપક્ષના કેસની હકીકત અને ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાથી કે ફરીયાદીની ઉલટતપાસમાં આવેલી હકીકતોના આધારે ફરીયાદપક્ષના કેસ ન માનવા માટે વાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પણ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબની કલમનુ અનુમાનનું ખંડન કરવા માટે પુરતુ છે. હવે હાલના કેસમાં ફરીયાદીની ઉલટ તપાસમાં આવેલી હકીકતો અને ફરીયાદી તથા આરોપી તરફે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાના આધારે ફરીયાદીની તરફેણમાં નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮, ૧૩૯ મુજબનુ જે અનુમાન ઉપસ્થીત થયેલ છે તેનુ આરોપી તરફે વાજબી બચાવ રજુ કરીને તે અનુમાનનું ખંડન કરવાનુ રહે છે. **વાજબી બચાવ કોણે ગણવો તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વિવિધ** ચુકાદાઓથી એવો સિદ્ધાંત પ્રતિપાદિત થયેલ છે કે, આરોપીએ પોતાનો બચાવ એ રીતે રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવાનો છે અને ફરીયાદપક્ષના પુરાવામાં એવી શંકા અને શકયતાઓ બતાવવાની હોય છે કે કે જેથી એક સામાન્ય બુધ્ધિશાળી માણસ પણ આરોપીએ જે શંકાનો અને શકયતાઓ દર્શાવી હોય તેવી શંકાઓ અને શકયતાઓ ખરેખર છે તેવું માનવા પ્રેરાય અને આ સ્થિતીનો લાભ આરોપીને મળવાપાત્ર જણાય તેમજ **નામદાર સુપીમ કોર્ટના વિવિધ ચુકાદાઓથી એ બાબત સ્પષ્ટ થાય છે કે,** કોર્ટ જે શંકાઓ અને જે શકયતાઓનું અસ્તિત્વ માનવા પ્રેરાય તે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના આધારે આરોપીએ પુરવાર કરવાની હોય છે પરંતુ તે અંગે કોઈ માનવાલાયક આધારે હોવો જોઈએ તે અંગે માનવાલાયક શંકાઓ ઉપસ્થિત કરવી જોઈએ. **હવે આરોપી તરફે ફરિયાદીની ઉલટતપાસમાં જે હકીકત આવેલ છે અને તેના આધારે જે દલીલ કરીને બચાવ મુકેલ છે તે બચાવ વાજબી અને માનવાલાયક જણાય છે કે કેમ? તેનો ન્યાયિક નિર્ણય કરવાનો રહે.**

(૧૧.૧) ફરિયાદી તરફે **આંક ૦૪ થી** તેઓની સોગંદ ઉપરના મૌખિક

પુરાવામાં અગાઉ ઉલ્લેખ કરેલ મુજબ ફરિયાદીની હકીકતને સમર્થન કરતો જ પુરાવો આપેલ છે. તેમજ ફરિયાદીએ તેમના આપેલા મૌખિક પુરાવાના સમર્થનમાં **આંક ૦૮ થી ૧૬** વાળા દસ્તાવેજી પુરાવા પર આધાર રાખે છે.

(૧૧.૨) ફરિયાદી તરફે આપેલ સદર પુરાવાની આરોપી તરફે ઉલટતપાસમાં વિગતવારની રીતે પડકારેલ છે. ફરિયાદી તરફે ઉલટતપાસમાં **એવી હકીકત સ્વીકારે છે કે,** મે ફરિયાદ વાંચેલી છે. ફરિયાદવાળા વ્યવહાર અંગે અમો માહીતગાર છીએ. મારી સરતપાસ સોગંદનામા ના પેરા નંબર ૪ માં જણાવેલ ચેક કઈ તારીખે આરોપીએ આપેલ તેવુ જણાવેલ નથી. મારી સરતપાસના સોગંદનામાના પેરા નં.૬ મા મીટરનો સર્વીસ નંબર. ૨૧૨૦૧૨૫ આરોપીના નામનો નથી. પેરા નં.૬ મા મીટરનો સર્વીસ નંબર. ૨૧૨૦૧૨૫ નુ મીટર મહોમંદહનીફ રમઝાનીભાઈના નામનું છે. આંક–૧૦ વાળા ચેકમા સહી ગુજરાતી અને બીજુ લખાણ અંગ્રેજી ભાષામા છે.

(૧૧.૩) ફરિયાદી તરફે ઉલટતપાસમાં વધુમાં **એવી હકીકત આવેલ છે કે,** એ વાતની મને ખબર નથી કે પેરા નં.૬ મા મીટરનો સર્વીસ નંબર. ૨૧૨૦ ૧૨૫ નો વર્ષ ૧૯૯૭ થી છે. સાહેદ જણાવે છે કે **હુ રેકોર્ડ જોઈને જણાવી શકુ છું.** એ વાત ખરી નથી કે આજદિન સુધી આ કામના તહોમતદારે કહેવાતા સર્વીસ મીટરમા ચેક જમા કરાવેલ નથી. **હું રેકોર્ડ જોઈને કહી શકુ કે** આ સર્વીસ મીટર નંબરમા અગાઉ કોઈ ચેક લીધેલ છે કે કેમ. એ વાત ખરી નથી કે જે વ્યકિતના નામનુ મીટર ન હોય તો જ અમે ચેક લઈએ છીએ. **હું રેકોર્ડ જોઈને કહી શકુ છુ કે** આરોપીના નામનું વીજ કનેકશન કે મીટર મારી કંપનીમા છે કે કેમ. હું **હાલ રેકોર્ડ જોયા વગર કહી શકુ નહી કે** આરોપીના નામનું કનેકશન અમારી કંપનીમા છે કે કેમ. હું **મારા ટેકનીકલ વિભાગમા પુછીને કહી શકુ કે પેરા નં.૬ મા મીટરનો સર્વીસ નંબર. ૨૧૨૦૧૨૫ વાળ મીટર હાલ** પ્રીમાઈસીસમા છે કે કેમ. એ વાત ખરી નથી કે આંક–૧૦ વાળા તકરારી ચેકમા આરોપીની સહી અને અન્ય લખાણ જુદી જુદી સહીવાળા છે અને આરોપીએ

કહેવાતો ચેક અમોને આપેલ નથી. એ વાત ખરી નથી કે કહેવાતો ચેક અમે આરોપીના સસરા મહંમદ હનીફ રમઝાની ભાઈ પાસેથી લઈ જઈ ચેકનો ખોટો દુરઉપયોગ કરી ખોટી ફરિયાદ કરી આ ફરિયાદના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે આવુ કોઈ કાયદેસરનુ લેણુ નીકળતુ ન હોવા છતાં ચેકનો દુરઉપયોગ કરી ખોટી ફરિયાદ કરેલ છે.

(૧૧.૪) ફરિયાદી તરફેની સદર ઉલટતપાસમાં આવેલી હકીકતના આધારે **આરોપી તરફે એવી દલીલ કરેલી છે કે,** ફરિયાદી તેમની ઉલટતપાસમાં મીટરનો સર્વીસ નંબર ૨૧૨૦૧૨૫ છે તે આરોપીના નામનો નથી તથા સદર મીટર મહંમદ હનીફ રમઝાનીભાઈના નામનું છે તે હકીકત સ્વીકારે છે. આમ, આરોપીના મીટરના વીજ વપરાશના બીલની કોઈ લેણી રકમ આરોપી પાસે ફરિયાદીની લેવાની નીકળતી નથી આમ, જ્યારે આરોપીના નામનુ વીજ મીટર જ ના હોય ત્યારે આરોપીએ વીજ વપરાશ કરેલ છે તેવું ઠરાવી શકાય નહિ તેથી આરોપી પાસેથી કોઈ કાયદેસરની લેણી રકમ ફરિયાદીની નીકળે છે તેવો ફરિયાદીનો કેસ માની શકાય નહિ આમ, જ્યારે આરોપીની પાસે કોઈ કાયદેસરની લેણી રકમ નીકળતી ના હોય ત્યારે આરોપીએ અન્યના નામે આવેલ વીજ બીલની રકમ ચુકવવા માટે પોતે કોઈ ચેક આપેલો હોય તેવું માની શકાય નહિ. તેમજ ફરિયાદપક્ષે સદર ચેક આરોપીએ ફરિયાદીને આપેલો હોય તેવુ પુરવાર કરવા માટે કોઈ આધાર પુરાવો રજુ રાખેલ નથી તેમજ ફરિયાદીની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો પણ ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં સદર ચેક ફરિયાદી પાસે કે ફરિયાદી કંપની પાસે કેવી રીતે આવેલ છે **તે અંગેનો કોઈ ખુલાસો કરેલ નથી.** આમ, તકરારી ચેક સદર મીટર મહંમદ હનીફ રમઝાની ભાઈના નામનુ હતુ અને તેઓએ સદર વીજ વપરાશના બાકી લેણાની રકમ ચુકવવાની હતી તેઓ પાસેથી સદર ચેક ફરિયાદીએ મેળવીને હાલની ખોટી ફરિયાદ દાખલ કરેલી છે. **આરોપી તરફે કરેલી સદર દલીલ માનવાલાયક જણાય છે,** કારણ

કે ફરિયાદીની ઉલટતપાસમાં આરોપી તરફે લાવેલ હકીકત મુજબ વીજ મીટર નંબર ૨૧૨૦૧૨૫ ના ગ્રાહક આરોપી નથી, પંરતુ મહંમદ હનીફ રમઝાનીભાઈ છે. જેથી વીજ મીટર નંબર ૨૧૨૦૧૨૫ ના ગ્રાહક મહંમદ હનીફ રમઝાની છે આરોપી નથી તે હકીકત હવે બીનતકરારી બનેલ છે. જેથી ફરિયાદી કંપનીના વીજ વપરાશનુ બાકી લેણી રકમ ચુકવવાની કાયદેસરની જવાબદારી મહંમદ હનીફ રમઝાની જ રહે, પરંતુ ફરિયાદ પક્ષના કેસ મુજબ સદર તકરારી ચેક સદર મીટર નંબરના વીજ વપરાશના બાકી લેણાની ચુકવણી પેટે આરોપીએ આપેલો હોય તેથી તેઓ જવાબદાર બને છે. તેવી રજુઆત કરેલી છે, પરંતુ તે રજુઆત માની શકાય તેમ નથી કારણ કે સદર ચેક આરોપીએ ફરિયાદીને કે ફરિયાદી કંપનીના કોઈ કર્મચારીને આપેલો હોય તે અંગેની કોઈ હકીકત ફરિયાદીએ ફરિયાદમાં કે સોગંદ પરના પુરાવામાં જણાવેલ નથી તેમજ આરોપી તરફે ફરિયાદીની ઉલટતપાસમાં સદર ચેક આરોપીએ ફરિયાદીને આપેલ નથી તેવો કેસ મુકેલો છે ત્યારે પણ ફરિયાદી તરફે સદર ચેક ફરિયાદી કંપનીના કોઈ કર્મચારીને ફરિયાદીએ આપેલો છે તેઓ પણ કોઈ સ્પષ્ટતા કરતો પુરાવો કે ખુલાસો ફરિયાદ પક્ષે રજુ થયેલ નથી. તેમજ ફરિયાદી તરફે સદર ચેક ફરિયાદી કંપનીના કર્મચારી પાસે આરોપીએ બાકી વીજ વપરાશના લેણાની રકમની ચુકવણી માટે આરોપીએ આપેલો છે તે અંગે પણ કોઈ સાહેદને ફરિયાદપક્ષે તપાસીને તે હકીકત પુરવાર કરેલી નથી. જેથી આરોપી તરફે મુકેલા કેસની હકીકત કે મહંમદ હનીફ રમઝાનીનાઓએ કે જે આરોપીના સસરા થાય છે તેઓની પાસેથી આરોપીનો સહી કરેલો તકરારી ચેક ફરિયાદી લઈ ગેયલા છે તેવા **આરોપી તરફે મુકેલા બચાવની હકીકત માનવાલાયક જણાય છે.**

તેમજ અત્રે ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે કે, ફરિયાદીએ તેની ફરિયાદમાં એવું પણ જણાવેલ નથી કે, મહંમદ હનીફ રમઝાનીના નામે વીજ મીટર આપેલ છે અને તે વીજ મીટરની લેણી રકમ ચુકવણી માટે મહંમદ હનીફ રમઝાનીનાએ ચેક આપેલો

નથી પરંતુ તેના બદલે હાલના આરોપીએ ચેક આપેલો છે. આમ, ફરિયાદીએ ફરિયાદમાં મહત્વની હકીકત અંગેનુ પક્ષ નિવેદન કરેલ નથી અને તે હકીકત છુપાવેલી છે. તેમજ ફરિયાદીએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ કામના આરોપી જે સર્વીસ નંબરનો ઉપયોગ કરતા હતા તેના વીજળીના વપરાશ અંગેનુ બીલ આ કામના આરોપીને મોકલવામાં આવેલ તેવો પુરાવો આપેલ છે, પરંતુ અગાઉ ઉલ્લેખ કરેલ મુજબ સદર વીજ મીટર આરોપીના નામનું ના હોય તે તેનો ઉપયોગ આરોપી કરતાં હોય તેવુ માની શકાય નહિ તેમજ વીજ મીટર આરોપીના નામનુ ના હોય ત્યારે તે વીજ મીટરનુ બીલ આરોપીને મોકલવાનુ રહેતુ નથી, પરંતુ તે બીલ વીજ મીટર જેના નામે હોય તેને જ વીજ કંપની સામાન્ય સંજોગોમાં મોકલતી હોય છે તેમ છતાં સદર હકીકત ફરિયાદીએ સોગંદ ઉપરના પુરાવામાં ખોટી રીતે રજુઆત કરેલી હોય તેવી આરોપી તરફે જે મૌખિક રજુઆત કરેલ છે તે યોગ્ય જણાય છે. કારણ કે, ફરિયાદી તરફે આરોપીને વીજ વપરાશનુ કોઈ બીલ મોકલી આપેલ હોય તેવો કોઈ પણ પુરાવો રજુ કરેલ નથી. આમ, ફરિયાદીએ ફરિયાદમાં મહત્વની હકીકત છુપાવેલી છે અને સ્પષ્ટ પુરાવો રજુ કરેલ નથી. જેથી ફરિયાદીનો કેસ માનવાલાયક જણાતો નથી.

(૧૧.૫) વધુમાં આરોપી તરફે કરેલી એવી દલીલ કે, ફરિયાદી કંપની પાસેથી મહંમદ હનીફ રમઝાનીએ અરજી ફોર્મ ભરીને તથા ફરિયાદી કંપનીએ અન્ય જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરીને વીજનુ મીટર આપેલુ છે એટલે સદર વીજ મીટરના વપરાશનુ બીલ ચુકવવાની જવાબદારી તે મીટર મહંમદ હનીફ રમઝાનીના નામનુ હોય તેઓની થાય છે. આમ, ફરિયાદી કંપની સાથે આરોપીનો વીજ વપરાશની લેણી રકમ ચુકવવાનો કોઈ કરાર થયેલ ન હોય અને સદર વીજ વપરાશની બાકી લેણી રકમ ચુકવવાનો કરાર મહંમદ હનીફ રમઝાની પાસે ફરિયાદી કંપનીનો થયેલો હોય ત્યારે આરોપીએ સદર મહંમદ હનીફ રમઝાનીની વીજ વપરાશની બાકી લેણી

રકમ ચુકવવાની કાયદેસરની જવાબદારી રહે નથી જેથી સદર તકારારી ચેક કાયદેસરના બાકી લેણાની રકમની ચુકવણી પેટે આરોપીએ આપેલો હોય તેવુ પણ ઠરાવી શકાય નહિ. તેમજ ફરિયાદપક્ષે સદર મીટર મહંમદ હનીફ રમઝાનીના નામનુ હોય અને તે મીટરના વીજ વપરાશની બાકી લેણાની રકમ ચુકવવા માટે આરોપીએ હાલનો તકરારી ચેક આપેલ હોય તેવો ફરિયાદપક્ષનો કેસ હોય ત્યારે મહંમદ હનીફ રમઝાનીને ફરિયાદમાં આરોપી તરીકે ફરિયાદીએ જોડવો જોઈએ, પરંતુ ફરિયાદીએ મહંમદ હનીફ રમઝાનીને આરોપી તરીકે ફરિયાદમાં બતાવેલ નથી જેથી તે કારણસર **ફરિયાદીની ફરિયાદ ટકવાપાત્ર રહેતી નથી.** આરોપીએ કરેલી સદર દલીલ ધ્યાને લેતાં અત્રે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

Peoples C0-Operative Credit Society Ltd. throuh Manager V/S. Modi Chandrilaben Harneshkumar And Anr. GLR 2019(2) Page No. 1030.

10. Having heard learned advocates for the parties and on overall analysis of the evidence on record, indisputably, as per the case of the complainant bank itself, **the loan was advanced to the husband of the present respondent accused and therefore, the husband of the present respondent was loanee and there was privity of contract between the complainant bank and husband of the present respondent and not with the present respondent. As per the case of the complainant, the present respondent has to discharge liability of debt created by her husband as alleged cheque was handed over by the respondent accused. In order to prove the aforesaid assertion, the complainant had not joined the husband - loanee Harneshkumar Modi as party respondent accused and therefore, the complainant failed to prove and**

bring on record the alleged transaction between the husband of the present respondent and the complaint bank within the purview of section 138 of the Negotiable Instruments Act. Unless the husband of the respondent accused could be impleaded as co-accused along with the respondent accused, no liability could have been fastened upon the respondent for discharging liability on the part of the husband of the respondent accused. For that simple reason also, the present respondent could not have been prosecuted for alleged bouncing of cheque in question as there was no privity of contract between the complainant bank and the present respondent.

આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં હાલના કેસમાં પણ ફરિયાદીની ઉલટતપાસમાં આવેલી હકીકત મુજબ મહંમદ હનીફ રમઝાનીના નામનુ વીજ કનેક્શન હોય, ફરિયાદી કંપની સાથે મહંમદ હનીફ રમઝાનીનો કરાર થયેલો ગણાય જેથી મહંમદ હનીફ રમઝાની ફરિયાદી કંપનીના વીજ વપરાશના બાકી લેણાના ચુકવણાની જવાબદારી તેની ગણાય. આમ, આરોપી મરીયમ મો. ઝુબેરનાઓએ ફરિયાદી કંપની સાથે વીજ કનેક્શન મેળવવા કોઈ કરાર કરેલ ના હોય તેથી આરોપી કરારનો પક્ષકાર ન હોય અને ત્રીજી વ્યક્તિ હોય ત્યારે **આરોપી મરીયમ મો. ઝુબેરને મહંમદ હનીફ રમઝાનીની વીજ વપરાશની** બાકી લેણી રકમ ચુકવવા માટે જવાબદાર ઠરાવી શકાય નહિ તેવુ ઉપરોક્ત ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં જણાય છે. તેમજ હાલના કેસમાં મહંમદ હનીફ રમઝાનીને ફરિયાદીએ ફરિયાદમાં આરોપી તરીકે બતાવેલ/જોડેલ ના હોય ત્યારે આરોપીએ મહંમદ હનીફ રમઝાનીની વીજ વપરાશના બાકી લેણાની રકમ ચુકવણી પેટે હાલનો તકરારી ચેક આરોપીએ આપેલો છે તે હકીકત પણ પુરવાર થતી નથી. આમ, ફરિયાદીએ મહંમદ હનીફ રમઝાનીને ફરિયાદમાં આરોપી તરીકે

બતાવેલ ના હોય ત્યારે ફરિયાદી તરફે મુકેલા કેસની હકીકત મહંમદ હનીફ રમઝાની પાસે તેઓના વીજ વપરાશની બાકી લેણી રકમ નીકળે છે તેવુ પુરવાર થતુ નથી. **તેવી આરોપી તરફે કરેલી દલીલ પણ ઉપરોક્ત કરેલ ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં મદદરુપ થાય છે.**

(૧૧.૬) વધુમાં આરોપી તરફે કરેલી એવી દલીલ કે, હાલના કેસમાં ફરિયાદપક્ષની રજુઆત કેસ મુજબ વીજ મીટર મહંમદ હનીફ રમઝાનીના નામનુ છે તથા તે મીટરના વીજ વપરાશના બાકી લેણાની રકમ તકરારી ચેક મુજબની રહે છે તેવુ બતાવવા માટેનો કોઈ પણ પુરાવો આરોપી તરફે કોઈ બાકી લેણાની રકમ નીકળતી નથી તેવી તકરાર લીધેલી છે તેમ છતાં ફરિયાદપક્ષે રજુ કરેલ નથી. જેથી પણ તકરારી ચેક મુજબની કોઈ બાકી લેણાની રકમ ફરિયાદીની નીકળતી હોય તેવું ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. તેવી **આરોપી તરફે કરેલી દલીલ પણ તેઓને મદદરૂપ થાય છે.** તેમજ આરોપી તરફે એવી પણ દલીલ કરેલ છે કે, ફરિયાદીએ જે રકમ ચેકમાં બતાવી છે તે વીજ વપરાશ કેટલા મહિના અને કઈ સાલનો હતો તેવી કોઈ વિગત લેશમાત્ર ફરિયાદ કે સરતપાસમાં જણાવેલ નથી જેથી પણ ફરિયાદપક્ષના કેસની હકીકત માની શકાય નહિ તેવી આરોપી તરફે કરેલી દલીલ પણ તેઓને મદદરૂપ થાય છે.

(૧૧.૭) વધુમાં આરોપી તરફે કરેલી એવી દલીલ કે, ફરિયાદી કંપનીના ઓથોરાઈઝ પર્સને જેઓએ હાલની ફરિયાદ દાખલ કરેલી છે અને પુરાવો આપેલો છે તેઓને ફરિયાદના વ્યવહારની મહત્વની હકીકત એટલે કે, તકરારી ચેક આરોપીએ કઈ તારીખે આપેલો તેમજ વીજ વપરાશના મીટર નંબર કેટલા વર્ષથી અસ્તિત્વ ધરાવે છે તથા આજદીન સુધી કહેવાતા વીજ મીટરનો ચેક જમા કરાવેલ છે કે કેમ? તથા સર્વીસ મીટરનો અગાઉ કોઈ ચેક લીધેલ છે કે કેમ? આરોપીના નામનુ વીજ કનેક્શન કે મીટર અમારી કંપનીમાં છે કે કેમ? આમ, ફરિયાદીનું મહત્વની હકીકત

અંગે કોઈ માહિતી નથી અને ફરિયાદી તેમની ઉલટતપાસમાં તમામ હકીકત રેકર્ડ જોઈને તેનો યોગ્ય જવાબ આપી શકુ તેવો ખુલાસો કરેલ છે, પરંતુ કોઈ રેકર્ડ જોઈને તેઓએ કોઈ ખુલાસો કરેલ નથી તેમજ ફરિયાદી તેમની ઉલટતપાસમાં આરોપી તરફે મુકેલા કેસની હકીકત કે પેરા નંબર ૬ મા મીટરનો સર્વીસ નંબર ૨૧૨૦૧૨૫ વાળુ મીટર હાલ પ્રીમાઈસીસમાં છે કે કેમ? તે હું મારા ટેક્નીકલ વિભાગને પૂછીને કહી શકુ તેવો જવાબ આપેલ છે. પરંતુ ત્યારબાદ ફરિયાદપક્ષે ટેક્નીકલ વિભાગના કોઈ સાહેદને તપાસીને સદર તકરારી મીટર પ્રીમાઈસીસમાં છે કે કેમ? તે અંગેનો કોઈ ખુલાસો ફરિયાદપક્ષે કરેલ નથી.

(૧૧.૮) આમ, ફરિયદીની ઉલટતપાસમાં આવેલી હકીકત ધ્યાને લેતાં ફરિયાદી કંપનીના ઓથોરાઈઝ પર્સનને આરોપી અને ફરિયાદી કંપની વચ્ચેના વ્યવહારની તેઓને કોઈ જાત–માહિતી નથી. આમ, તેઓનો પુરાવો **હીચરસે પ્રકારનો** છે જેથી તેના પર આધાર રાખી શકાય નહિ અને ફરિયાદીના ઓથોરાઈઝ પર્સનને જ્યારે વ્યવહાર અંગેની કોઈ વ્યક્તિગત જ્ઞાન ન હોય ત્યારે તે પુરાવો માની શકાય નહિ. આરોપી તરફે કરેલી સદર દલીલ ધ્યાને લેતાં અત્રે નામદાર સુપ્રીમકોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

A.C.Narayanan Versus State Of Maharashtra with G.Kamalakar Versus Surana Securities Limited. 2015 (0) AIJEL-SC 56197.

15. While holding that there is no serious conflict between the decisions in "MMTC (supra) and Janki Vashdeo Bhojwani (supra)", the larger Bench clarified the position and answered the questions framed in the following manner:

(i) xxxxxxxxxxxxxxxxxxxxxxx

(ii) The Power of Attorney holder can depose and verify on oath before the Court in order to prove the contents of the complaint. **However, the power of attorney holder must have witnessed the**

transaction as an agent of the payee/holder in due course or possess due knowledge regarding the said transactions.

(iii) **It is required by the complainant to make specific assertion as to the knowledge of the power of attorney holder in the said transaction explicitly in the complaint and the power of attorney holder who has no knowledge regarding the transactions cannot be examined as a witness in the case.**

(iv) xxxxxxxxxxxxxxxxxxxxx

(v) xxxxxxxxxxxxxxxxxxxxxx.

.... **In the present case one Shri Shankar Prasad employee of the Company signed the complaint and the Deputy General Manager of the Company i.e. PW-1 gave evidence as if he knows everything though he does not know anything. There is nothing on the record to suggest that he was authorized by the Managing Director or any Director. Therefore, Magistrate by judgment dated 30th October, 2001 rightly acquitted the appellant.** In such a situation, the case of the appellant is fully covered by decision by the larger bench of this Court passed in the present appeal. We have no other option but to set aside the impugned judgment dated..............

આમ, ઉપરોક્ત ચુકાદાના પેરા ૧૫ માં નામદાર સુપ્રીમકોર્ટે એવો સિદ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, પાવર ઓફ એટર્ની હોલ્ડર કે અન્ય કોઈપણ વ્યક્તિ કંપની વતી જુબાની આપે ત્યારે તે ઓથોરીટી ધરાવનાર તે **તકરારી વ્યવહારના સાક્ષી હોવા જોઈએ કાં તો તે વ્યવહારથી તેઓ સંપૂર્ણ માહિતગાર હોવા જોઈએ,** પરંતુ હાલના કેસમાં અગાઉ ફરિયાદીના ઓથોરાઈઝ પર્સનની ઉલટતપાસમાં આવેલી હકીકત કે તેઓને વ્યવહારની કોઈ જાત-માહિતી નથી તે ધ્યાને લેતાં અને આરોપીને સદર લોનના તેમજ કહેવાતો તકરારી ચેક પણ આરોપીએ ફરિયાદીના ઓથોરાઈઝ

પર્સનને આપેલો હોય તેવુ પણ બનેલ નથી તેવો પુરાવો પણ ઉલટતપાસમાં રેકર્ડ પર આવેલ છે તથા ફરિયાદી સદર વ્યવહારના સંપૂર્ણ માહિતગાર નથી તે જોતાં સદર ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં **આરોપી તરફે કરેલી દલીલ તેઓને મદદરૂપ થાય છે.**

(૧૧.૯) આરોપી તરફે વધુમાં એવી દલીલ કરેલી છે કે, ફરિયાદપક્ષે આંક ૦૯ થી જે ઓથોરીટી લેટર રજુ કરેલ છે તે વંચાણે લેતાં ફરિયાદી કંપની ટૉરેન્ટો પાવર વતી તેમને કોઈ સત્તા અધિકાર આપેલ હોય તેવું ક્યાય લખેલ નથી જેથી હાલની ફરિયાદ શરૂઆતથી ટકવાપાત્ર નથી. **આરોપી તરફે કરેલી સદર દલીલ તેઓને મદદરૂપ થતી નથી,** કારણ કે ઓથોરીટી લેટર વંચાણે લેતાં ફરિયાદી કંપની વતી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ મુજબના કેસ દાખલ કરીને પુરાવો આપવા તથા તે કેસ અંગેની અન્ય તમામ સત્તાઓ હાલના ફરિયાદી કંપનીના ઓથોરાઈઝ પ્રીતિ કાકડેને આપેલી છે તેવું જણાય છે. આમ, ફરિયાદી કંપની ઓથોરાઈઝ પર્સનને કંપની વતી હાલના કેસ તેમજ અન્ય કેસો નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ દાખલ કરીને કેસની કાર્યવાહી આગળ ચલાવવાની સત્તા આપેલી છે. આમ, ઓથોરાઈઝ પર્સનને એક-એક કેસ દાખલ કરવા માટે તે આરોપીનું નામ દર્શાવીને ઓથોરીટી આપવી પડે તેવો કાયદાનો કોઈ નિયમ હોય તેવું આરોપીપક્ષ બતાવી શકેલ નથી. જેથી આરોપી તરફે કરેલી સદર દલીલ તેઓને મદદરૂપ થતી નથી. **આરોપી તરફે વધુમાં કરેલી દલીલ કે,** આંક ૧૦ થી રજુ થયેલ તકરારી ચેકમાં બોડી રાઈટીંગ અલગ-અલગ જણાય છે અને લખાણ ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં છે. આમ, તકરારી ચેકમાં બોડી રાઈટીંગ કઈ વ્યક્તિનું છે તે ફરિયાદપક્ષ સાબિત કરી શક્યા નથી. જેથી જેનો લાભ આરોપીને મળવાપાત્ર રહે. આરોપી તરફે કરેલી સદર દલીલ વિરુદ્ધ ફરિયાદી તરફે કરેલી દલીલ તથા તે દલીલના સમર્થનમાં નામદાર સુપ્રીમ કોર્ટે **Bir Singh vs Mukesh**

Kumar. (2019) 4 SCC 197. ના ચુકાદા પર આધાર રાખેલ છે, સદર ચકાદામાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ કાયદેસરની બાકી લેણી રકમ નીકળે છે તેવું પુરવાર કરેલ ત્યારે ફરિયાદી ચેકમાં રકમ તથા અન્ય વિગતો પોતે ભરી શકે છે જો કે હાલના કેસમાં ફરિયાદ પક્ષ કાયદેસરની બાકી લેણી રકમ વસુલ લેવા માટે નીકળે છે તેવું પુરવાર કરી શકેલ નથી તેવુ અગાઉ ઠરાવેલ છે જેથી સદર ચુકાદો ફરિયાદીને મદદરુપ થતો નથી.

(૧૧.૧૦) આરોપી તરફે તેઓની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલા છે.

1. **P. J. Agro Teach Ltd. & Anr. V/S. Water Base Ltd. AIR (SCW) 4616.**
2. **Indus Airways Pvt. Ltd. & Anr. V/S. Magnum Aviation Pvt. Ltd. & Anr. Date 07 April, 2014 Lawsuit(SC) 252.**
3. **Basalingappa V/S. Mudibasappa (2019) AIR(SCW) 1983.**

ઉપરોક્ત ચુકાદા માનસહ વંચાણે લીધા. ઉપરોક્ત ચુકાદા નં. ૦૧, ૦૨ ના કેસની હકીકત અને હાલના કેસની હકીકત અલગ હોય સદર ચુકાદા હાલના કેસને લાગુ પડતા નથી જેથી સદર ચુકાદા આરોપીને મદદરૂપ થતા નથી. જ્યારે ઉપરોક્ત ચુકાદા નંબર ૦૩ માં નામદાર સુપ્રીમકોર્ટે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮, ૧૩૯ મુજબનુ અનુમાન ફરિયાદીની તરફેણમાં જ્યારે ઉપસ્થિત થાય ત્યારે આરોપી તે અનુમાનનું ખંડન કઈ રીતે કરવાનું રહે છે તે અંગેનો સિદ્ધાંત પ્રતિપાદિત કરેલ છે. સદર ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત ધ્યાને લઈને આરોપીએ ફરિયાદીની તરફેણમાં જે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮, ૧૩૯ મુજબનુ જે અનુમાન ઉપસ્થિત થયેલ છે તેનુ ખંડન કરી શકેલ છે. તેવું અગાઉ ઠરાવેલ હોય તેથી **સદર ચુકાદો આરોપીને મદદરુપ થાય છે.** તેમજ ફરિયાદી તરફે તેઓની દલીલમાં મહત્વની એવી દલીલ કરેલી છે કે, તકરારી ચેકમાં આરોપીએ

તેમની સહી કબૂલ રાખેલ હોય ફરિયાદીની તરફેણમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮, ૧૩૯ મુજબનુ અનુમાન ઉપસ્થિત થયેલ છે તેનુ આરોપી ખંડન કરી શકેલ નથી. ફરિયાદીની સદર દલીલ કે, આરોપીએ ચેકમાં સહી અંગે કોઈ તકરાર લીધેલ ના હોય ફરિયાદીની તરફેણમાં કબૂલ રાખેલ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮, ૧૩૯ મુજબનુ અનુમાન ઉપસ્થિત થાય છે તે દલીલ ફરિયાદીએ માનેલી છે તેની અગાઉ ચર્ચા કરેલ છે , પરંતુ સદર ફરિયાદીની તરફેણમાં ઉપસ્થિત થયેલ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮, ૧૩૯ મુજબનુ અનુમાનનું આરોપીએ ફરિયાદીની ઉલટતપાસમાં ખંડન કરેલ છે જેથી ફરિયાદીની સદર દલીલ માની શકાય તેમ નથી.

૧૨. ઉપરોક્ત ફરિયાદપક્ષના પુરાવાનું કરેલ મૂલ્યાંકન તથા વિગતવારની કરેલી ચર્ચા ધ્યાને લેતાં ફરિયાદપક્ષની તરફેણમાં ઉપસ્થિત થયેલ નેગોશિયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૧૮, ૧૩૯ ના અનુમાનનું આરોપી તરફે ફરિયાદપક્ષની ઉલટતપાસ આધારે ખંડન કરેલ છે. આમ, તકરારી ચેક મુજબનું આરોપી વિરુદ્ધ કાયદેસરનુ બાકી લેણું હોય તેવી હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ ના હોય, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ -૧૩૮ મુજબનો ગુનો બનતો હોવાના આવશ્યક તત્વો ફરિયાદપક્ષે પરિપૂર્ણ કરેલ નથી જેથી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની એક્ટની કલમ- ૧૩૮ મુજબના ગુનામાં આરોપીને દોષિત ઠરાવી શકાય નહિ. જેથી, **મુદ્દા નંબર ૦૨ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર ૦૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.**

:: હુકમ ::

- આ કામના આરોપી મરીયમ મો. ઝુબેર, રહે. સી/ઓ. મહમદ હનીફ રમજાની, ૧૨૫૭૧/એ, જાન સાહેબની ગલી, સામે બાટા શો રૂમ, ઈલેક્ટ્રીસીટી હાઉસ પાસે, બીબી મસ્જીદ પાસે, લાલ દરવાજા, અમદાવાદનાઓને ભારતીય નાગરિક સુરક્ષા

સંહિતાની કલમ ૨૭૮(૧) અન્વયે વટાવખત અધિનિયમની કલમ ૧૩૮ ના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

- આરોપીએ અગાઉ રજુ કરેલા જામીન અને જામીનખત આથી રદ કરવામાં આવે છે અને આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ મુજબ અપીલ સમય માટેના રૂપિયા ૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાતમૂચરકા રજુ કરવા.
- ઓફીસને આદેશ આપવામાં આવે છે કે, આ કેસના ફેંસલા બાબતે યોગ્ય તે ક્રિમીનલ રજીસ્ટ્રમાં અને e-CIS મોડ્યુલમાં જરૂરી/સંબંધિત નોંધો/એન્ટ્રીઓ કરી, ક્રિમીનલ મેન્યુઅલ અને નામ. હાઈકોર્ટ સર્ક્યુલર્સ મુજબ કેસ ફાઈલનું સત્વરે વર્ગીકરણ કરી કેસ ફાઈલ રેકોર્ડરૂમને સુપ્રત કરવી.

હુકમ આજરોજ તા. **૨૦** મી, માહે **જૂન,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[એચ.આર.ઠાકોર]
૨૫માં એડી.ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ,
નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની
કોર્ટ નં.૩૫, અમદાવાદ સીટી.
GJ01205.